વારસાઈ નોંધ સંબંધમાં કે જમીન તકરાર(આરટીએસ કેસ) અંગેની બાબતે જ્યાં ફરિયાદી મહિલા હોય તેવા કેસોની તાત્કાલિક ઝૂંબેશ કરી નિકાલ કરવા બાબત.

ગુજરાત સરકાર.
મહેસુલ વિભાગ.
પરિપત્ર ક્રમાંક : હકપ/૧૦૨૦૧૪/3031/જ
સચિવાલય, ગાંધીનગર.
તા: 31 JUL 2014

પરિપત્ર :-

માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા જાહેર કર્યા મુજબ ગુજરાત રાજ્યમાં તા:૧.૮.૨૦૧૪ થી તા:૧૫.૮.૨૦૧૪ સુધી મહિલા સશક્તિકરણ અંગે કાર્યક્રમો યોજવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. તે અન્વયે ખેતીની જમીનમાં વારસાઈ નોંધ અંગે અને જમીનની તકરાર બાબતમાં આરટીએસ કેસ કે અન્ય કોઈ ફરિયાદ જ્યારે મહિલા દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ હોય તેવા કિસ્સાઓમાં આવા કેસ અલગ તારવીને તા.૧.૮.૨૦૧૪ થી તા:૧૫.૮.૨૦૧૪ સુધીમાં અગ્રતાના ધોરણે હાથ ધરવા સંબંધિત સક્ષમ અધિકારીઓને જરૂરી સૂચના આપવા આથી રાજ્યના તમામ કલેક્ટરશ્રીઓને જણાવવામાં આવે છે.

મહિલાઓ દ્વારા જ્યાં ફરિયાદ મળેલ હોય તેવા કિસ્સાઓમાં મામલતદારશ્રી, નાયબ કલેક્ટરશ્રી કે કલેક્ટરશ્રી કક્ષાએ જ્યાં કેસ પડતર હોય તેવા કેસ આઈડેન્ટીફાય કરીને સદર પખવાડિયા દરમિયાન અગ્રતાના ધોરણે તેનો નિકાલ/ હુકમ કરવામાં આવે તે જોવા આથી સૂચના આપવામાં આવે છે.

આ અંગેની માહિતિ આ સાથે સામેલ પત્રકમાં તૈયાર કરીને પખવાડિયાના અંતે એટલે કે તા:૧૫.૮.૨૦૧૪ના રોજ સંયુક્ત સચિવશ્રી (જ.સુ.)ને અચૂક મોકલી આપવાની રહેશે. આ કામગીરીની સમીક્ષા આગામી કલેક્ટર કોન્ફરન્સ અગ્રસચિવશ્રી(મહેસુલ) દ્વારા કરવામાં આવનાર છે. જેની ખાસ નોંધ લેવા પણ જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણ :- પત્રક

(જે.ટી.અખાણી)
સંયુક્ત સચિવ
મહેસુલ વિભાગ. ગુજરાત સરકાર

પ્રતિ,
કલેક્ટરશ્રી, સર્વે

નકલ રવાના:-

- અગ્રસચિવશ્રી(મહેસુલ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(જ.સુ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય. ગાંધીનગર.

# પત્રક

જિલ્લાનું નામ :-

| ક્રમ | મહિલા ફરિયાદીના આઈડેન્ટીફાય કરેલ કેસોની સંખ્યા | પખવાડિયા દરમિયાન નિકાલ કેસો | બાકી કેસોની સંખ્યા | રિમાર્ક્સ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |